શ્રી ૧૧

શ્રી માતાજીના નવિન છંદ પ્રકાશ.

ભાગ ૧ લો.

ભટ નેવાશંકર કરૂણાશંકરની વીકમાં લઈ

— રચી છપાવી પ્રસિદ્ધ કરનાર —

કંસારા કીલાભાઈ જગજીવનદાસ
ઠેકાણું. હરીપુરા તરતીઆ હનુમાન આગળ સુરત.



આવૃતી

સંવત ૧૯ સ૦

પ્રત ૧૦૦૦

અને દરેક

કર્તાએ સ્વાધીન રાખ્યા છે.

કીમત અઢી આના.

ૐ

સ્વભગતીની પવીત્ર સેવામાં મારા.

બે બોલ

સેવક ગણો,

આપને હું વિદીત કરૂં છું કે ઉંચ ભાવના ઉત્સાહી અને ધર્મની લાગણીના ભાવો આપ રહદયમાં વાશ કરી રહેલા છે તો તેવા શુભ ગુણોથી આકર્ષાઇ આ એક લઘુ બુદ્ધિથી લખાયલુ પુસ્તક આપ સાહેબોને 'અરપણ કરૂ છુ. તે પ્રેમપૂર્વક સ્વીકારશો અને તેનો ઉપયોગ કરી વળી મિત્રમંડળીમાં ઉપયોગ લેવરાવવા કૃપા કરશો. જેથી હું આપ સાહેબોનો ઘણોજ આભારી થઇશ.

હું કઇ લેખક યા વિદ્વાન નથી. પરંતુ મ્હારી અલ્પ બુદ્ધિથી વળી મેં નાની ઉમરથી ઘણાજ સદગુણી લેખકો વિદ્વાનોના સંગમાં રહી ગ્નાન મેળવેલુ છે, તો ઇશ્વરી કૃપાથી આ એક અલ્પ બુદ્ધિના આધારે ક રચેલું છે તો તેમાં કઇ માહારી ભુલ ચુક ર તેને વાંચકોએ સુધારીને વાંચવા તથા મારો દો ગણવા કૃપા કરવી. એવિ મહારી સવિનય નમ્ર પ્રાર્થના છે.

લી०

કંસારા હીરાભાઈ જગજીવનદાસ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૮૧૮ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

શ્રી ૧।

શ્રી માતાજીના નવીન છંદ પ્રકાશ

ભાગ ૧.

દોહરો.

પરથમ સમરૂ ગણપતી, સારદા લાગુ પાએ;
વીદ્યારૂપી મા તમો, રેજો મુજ જીભ્યાએ.
કર જોડી કરૂ વીનતી, ગુણ ગાવું વારંવાર;
લાજ રાખજો માહરી, હું છઊં તમ આધાર.
જોગમાયા છો ઇશવરી, કલજુગમાં કાળી નામ;
ભાવે ભગતી જે કરે, મા કરે તેનું શીદ્ધ કામ.
મા પરતાપે છંદ કર્યા, જે મુજ બુદ્ધી પરમાણ;
ગણ બાંધી કતો નથી, વ્યાકરણ પીંગળનો અજાણ.
ભુલ ચુક જે માહરી, હોએ ખાપણ કંઇ ખોડ;
સુધારી લેશો તમો, એમ કહે દાશ કરજોડ.
ખરીદ કરશો આ ચોપડી, જુજ કીંમત નીરવાણ;
પૈસા એ ધરમાદા જશે, મા કરે સઉનું કલ્યાણ.

છંદ ૧.

રંગત જુની ચોહરશી.

પ્રથમ કરૂ સમરણુ-ગજાનંદ, પહેલું પુજન-ત્રણુ લોક કરતા;
દેવ રૂષી મુની માનવી ધ્યાન સૌ ધરતા—ટેક.
તેત્રીશ કોટી દેવતાએ-તેનીએ મ્હાએ-પહેલા પુંજાએ-હતું વરદાને;
એક સમે શીવજી ગએ તપ કરવાને.
સીર જટા ખાધપર જાળી, ભભુત અંગ ચોળી, પાર્વતી બોલી, જાવ તપસ્યાને.
કેમ રહું હું તો એખલી આ મંદીર મ્યાને

ઝુલ.

શંકરને કહ્યા બચન સુનો પાર્વતી જીરે સુનો પાર્વતી.
એક પુત્ર કરજો ઉતપન તમે છો સતી જીરે તમે છો સતી.
એમ કહીને ગયા તપ કરવા, જોગી એ જતી જીરે જોગી એ જતી;
ઊમ્યાને નીકાલા મેલ કીયા ગણપતી જીરે કીયા ગણપતી.

કૈકતા.

એક પુત્રી કરી ઉતપને, ઊને દવાર રખાહે ગંને,
ઊમ્યા બેઠા નહાવંને, નારદને બીચારા મને.
નારદને કીયા બીચાર-થયા તૈયાર, આવ્યા તેવાર-શીવ તપ કરતા;
દેવ રૂસી મુની માનવી ધ્યાન સૌ ધરતા.

ચોક ૧.

નારદને શીવકુ કહ્યા, બેસી કયુ રહ્યા, પુત્ર દો થયા-કરો તપાસે;
શંકરને ગુસ્સા હુવા ગયા કૈલાસે.
ઊમ્યાને ગંન બેઠાએ-શીવ ચલે આએ, ઊને અટકાએ થયા નીરાસે;
શંકરને કહ્યા તુમ કૌન નીકલ જાવ વ્હાસે.

ઝુલ.

ગણપતને ગુસ્સા કીયા, બોલા બચંને જીરે બોલા બચંને:
તુમ કોણ જોગી કયું આએ, ચલે જાવ બને જીરે ચલે જાવ બંને.
એ પીતા પુત્ર દો લગે જુધ કરંને, જીરે જુધ કરંને;
શંકરને છેદા શીશ ઊડા ગગંને, જીરે ઊડા ગગંને.

દેકતા.

શીશ પડા ચંદ્રમાં પાસે, એ ચંદ્ર ગંન કહેવાસે;
શીવજી બોલે ગુસ્સાસે, દો પુત્ર લાએ તુંમ કહાંસે.
ઊમ્યા કહે બચન તુમ દીઆ, પુત્ર દો કીયા, કયું ભુલ ગયા—ગુસ્સા કયુ કરતા;
દેવ રસી મુની માંનતી ધ્યાન સૌ ધરતા.

ચોક ૨.

શંકરને મન બીચારા, પુત્રને મારા, કીયા પોકારા, ઉમ્યાને જયારે,
લડકેકુ સજીવન કરો શીવ અત્યારે.
શંકરને ગણ બોલાએ સીસ સોધાએ હાથ નહી આએ કરે બીચારે.
કોઈ લાવો દુસરા સીસ હાજએ હોશીયારે.

ઝુલ.

નંદી ભંગી દો ગએ સોધને કાજે, જીરે સોધને કાજે.
બન બનમે ધુડતા ફીરે મીલે ગજરાજે, જીરે મલે ગજરાજે,
ઓ લાયા ઉનોકા સીસ કરય પ્રાજે, જીરે કરકે પ્રાજે.
ચોટાયા સીસ સજીવન ગંન હુવા આજે.

દેકતા.

ઉમ્યા કહેતી બચંને, એવો નથી કોઇનો તંને.
શીવજી વીચારો મંને, એમ કરતીતી રૂદન.

એવા તો પુત્રને જોઇ, હસે સૌ કોઇ, રહ્યું રોષ રોઇ—દુખ મંન ભરતા
દેવ રૂસી મુની માનવી ધ્યાન સૌ ધરતા.

ચોક ૩.

સીવ કહે સુણો પાર્વતી, રાખો સ્થીર મતી, તમે છો સતી, નહી ખભરાશો.
જ્યાં પંચ દેવનું દહેર પહેલા ત્યાં વાસો.
બ્રહ્મા વીષ્ણુ ઇંદ્ર કહેવાએ, દેવી દેવતાએ, તેની એ મ્હાએ, પહેલા પુજાસો.
એવું આપું છું વરદાન, નહી પસ્તાશો.

ઝુલ.

સીવજીએ કર્યું ગણપતનું પહેલું પુજન્ને, જીરે, પહેલું પુજનેo
એવા સું ગજના પુન વિચારો મંને, જીરે વીચારો મંને.
પુંજાયું એનું મસ્તક સુણો ગુણીજને. જીરે સુણો : ગુણીજંને.
કહે રાજગીર એ ગંનકા કરો સમરંને, જીરે કરો સમરને.

ફેકતા.

ભજે નરોતંમ ગનરાજે, તમે આવો પહેલા શુભ કાજે.
રેવાભટકે શીર ગાજે, ભક્તની રાખો તમે લાજે.
કાલાભાઇને ગંન બનાયા, ગુણ સૌ ગાયા, સૌને મન ભાયા બાગન ગનકરતા.
દેવરૂશી મુંની માનવી ધ્યાન સૌ ધરતા.

છંદ ૨.

રંગત લંગડી.

અમર નામ શાચુ અંબાનું જુઠો જાણ સગળો સંન્સાર.
જેવો કાચનો—કુપો જેમ ફુટી જતા નહી લાગે વાર. ટેક.
ઉતંમ મલ્યો અવતાર તને તુ કંઇ મુક્તીનો મારગ સભાલ.
ફોગટ ફેરો—જસે એ તારો ભજમાં દીન દયાળ.

નવ માસ રહ્યો ધર્ભવાસમાં, જેણે લીધી તારી સંભાળ.
જોને વીચારી-ધર્ભમાં તહારો થયો નહી વાંકો વાળ.

શેર.

તારે વાસ્તે ક્યારા દુધના, પહેલાથી માએ રાખ્યા ભરી.
ખોરાક તારો હાજર કર્યો, જો કેવી તારા પર દયા ધરી.
ઘણી પ્રાર્થના તેં કરી, રહ્યો ઉંધે મસ્તકે ધ્યાન ધરી.
આ પાપ બંધનથી છોડ તું, નહી વીસરૂં હું માતોસ્વરી.
એવી શરતે તુ બહાર આવ્યો, કેમ થયો તારો ફેરફાર.
જેવા કાચનો, કુંપા જેમ ફુટી જતા નહી લાગે વાર.

ચોક ૧.

આવી પડયો તું માયા જાળમાં, ભુલી ગયો પહેલાનું ભાન.
એક દાખલો-કહું તે સમજ રાખ તેના પર ધ્યાન.
એક ગરીબ કંગાળ બ્રાહ્મણ હતો પૈસાથી બહુ હેરાન.
કોઇ માહતમા-મલ્યા વીપ્રને કહે હું કહું તે માન.

શેર.

પારશમણી મારી પાસ છે, તને આપુ છઉં હું હાલજી.
એનાથી લોખણ કંચન થશે. તુ કરી રાખજે શંભાલજી.
આપું મુદત એક માસની, કરી લે સુનું થશે તું ન્યાલજી
મુદત જ્યારે પુરી થશે, ત્યારે આવી લઇશ તતકાળજી.
મણી આપીને ગયા મહાતમાં, વીપ્ર માને મોટો ઉપકાર.
જેવો કાચનો-કુંપો જેમ ફુટી જતા નહી લાગે વાર.

ચોક ૨.

આવ્યો બજારમાં પોતે બ્રાહ્મણ, કરી એણે લોખણની તપાસ.

ગોગા ભાવનું-જોઇને પાછો ફર્યો રાખી વીસવાસ.
આવ ફીતરશે ત્યારે લખશું, એમ કરતા થઇ મુદત ખલાસ;
આવી પોહચ્યા-માહાતમાં પોતે મણી લેવાને ખાસ.

શેર.

અલ્યા મણી માહરૂ લાવ પાછું, જે મુદત તારી પુરી થઇ;
વીપ્ર કહે કઇ કર્યું નથી, આળસમાં વેળા વીતી ગઇ.
મેતલ માગુ દીન પાંચની, હું થોડું ઘણું કરી લઉ કંઇ;
માહાતમાં કહે વખત ગયો હવે એક ઘડી થોભું નઇ.
એ મણી લઇને ગયા માહાતમાં, વીપ્ર જોઇ થયો નાચાર,
જેવો કાચનો-કુપો જેમ ફુટી જતા નહી લાગે વાર.

ચોક ૩.

આ મણી જેવો તારો મનખા દેહ-નથી મળવાનો ફરી ફરી,
ભજ અંબાને-જેનાથી ભવસાગર તું જશે તરી;
મુદત જ્યારે પુરી થશે, તેમ જમ આવી લઇ જશે ઘરી,
હાથ આવેલું-મણી તારૂ જશે ચેતી કંઇ લેજે કરી,

શેર.

આ માયા મમતા સઉ છોડ તું, કર ભક્તી ઉત્તમ એ કામ છે;
ભક્તી વીના મુક્તી નથી, જે ભક્તી મોક્ષનો ધામ છે.
રાજગીર નરોતમ કહે, સંસાર સાગર જળ તમામ છે;
રેવાભટ કહે મહી નાવ રૂપી જે તરતું અંબા નામ છે.
હીલાભાઇ કહે એ નાવમાં, એહ વીના નથી તરનાર;
જેવો કાચનો-કુપો જેમ ફુટી જતા નહી લાગે વાર.

છંદ ૩.

રગત લંગડી.

સાચી ભક્તી છે કાળીની, જુઠી સમજ માયા જંજાળ;
ફોગટ ફેરા-થશે જો આવી પોંચે ઓચીન્તો કાળ—ટેક.
કર ભક્તી તું સદા કાળીની, તેથી થશે તારો આધાર;
આ મનસ્યા દેહ-એળે જશે નથી ફરી મળનાર.
એક ઉતર દીશાથી આવે આંધળો, જવા ગામમા કરે વીચાર;
પશ્ચિમ દીસામા એક દરવાજો બીજો નઈ કંઈ આધાર.

શેર.

આધારે ચાલતો આવીયો, જાએ કોટે કોટે કરતાઇ.
જ્યારે દરવાજો આવ્યો ત્યારે, એને બહુ ખુજલી થઇ.
એહાતે ખજવાળતો, એણે મુકી દીધો દરવાજો તઇ.
એમ ફેરા કર્યા કરે, એને હાથ દરવાજો આવે નઇ.
ફરી ફરી આવે દરવાજે, ત્યારે થાએ એને ખજવાળ.
ફોગટ ફેરા-થશે જો આવી પોચે ઓચીન્તો કાળ.

ચોક ૧.

કોટ સમજતું લખ ચોરાશી, એ ફેરો ફરવાનો જાણુ.
જે દરવાજો-મોક્ષનો મનસ્યા દેહનો નીસે માન.
એજ રસ્તો છે એક જવાનો, નથી બીજુ જવાનું સ્થાન.
રહે ચેતનમાં-પડયો માયામાં તેથી તું ભુલે ભાન.

શેર.

ઉત્તમ દેહ તારો જાણજે, તું એજ મોક્ષનો દ્વાર છે.
જો કરૂ ભક્તી કોઇ પ્રેમથી, તો ધન તેનો અવતાર છે.

મોહ માયામાં જે પડે તે સમજે સુખ સંસાર છે.
પથ્થરની નાવમાં બેસનારો, તે કેમ કરી તરનાર છે.
પાછો પડશે તું લક્ષ ચોરાશી માટે કંઈક વીચારી ચાલ.
ફોગટ ફેરા, થશે જો આવી પોચે ઓચીન્તો કાળ.

ચોક ૨.

માત તાતને ભ્રાત ભગની, પત્ની પુત્ર તારા જે ખાસ.
કુટુંબ કબીલો-સગા સઉ કોઈ નહી રેવાનું પાસ.
અંન્તકાળે સૌ અળગા રહેશે, કર તારા મનમાં કંઈ કયાસ
ભજ કાળીને-આખરે એજ તારી કરશે અરદાશ.

શેર.

નીરવાહ કર્યો તેં કુટુંબનો, કંઈ દયા ધરમ કર્યો નઈ.
તારૂં મારૂં આ માયા વીસે, જો વેળા તારી સૌ વીતી ગઈ.
જયારે કાળને આધીનતું થશે, શું જવાબ દૈસે જમને જઈ,
કર્યું સુકૃત સાથે આવશે, જો બાકી સૌ રેવાનું અહી.
જો પાપ પુન્ય બે તારા દીકરા સાથે આવી લેશે સભાળ.
ફોગટ ફેરા-થસે જો આવી પોચે ઓચીન્તો કાળ.

ચોક ૩.

જગમાં આવી તેં જન્મના લીધી, કંઈ કર્યા નહી પરમારથ કામ;
કોઈ દેવની, સાધના કરી નહી તું કેવો હરામ
પાછળથી લાગે પસ્તાવો જુઠી સમજ સૌ માયા તમામ;
ભકતી વીનાનો, નથી મળવાનો તને મુકતીનો ધામ.

શેર.

વખત જયારે પુરો થયો ત્યારે, કાળ આવી સનમુખ તેયાર છે;

લાખી જાળને લઇ ગયો, તને કાણુ તારી ત્યાં યાર છે-
રાજગીર નરોતમ કહે, ભકતીથી તારો આધાર છે;
રેવાભટ કહે ભકતી વીના, તું ચોઘરાસી ફરનાર છે.
ફાલાભાઇ કહે જેવો આઇવો, તેવો ગયો વેઠી જંજાળ;
કાગટ-ફેરા થશે જો આવી પોચે ઓચીન્તો કાળ.

છંદ ૪

રંગત લંગડી.

આશા તૃસ્ના ને છોડ મમતા જો એક દહાડો જવું છે મરી;
ભજ અંબાને-જેનાથી ભવસાગર તું જશે તરી.
લક્ષ ચોર્યાશી ફેરા ફર્યા તુ તને મલ્યો ઉત્તમ અવતાર;
આ મનસ્યા દેહ દુર્લભ ફરી નથી એવો મળનાર.
રાખ ચેતન તું તારા મનમાં, સાગર જેવો સમજ સંસાર;
એ સાગરમાં-પડેલો કેમ કરી ઉતરશે પાર.

શેર.

અંબા નામ એક નાવ છે, તે સાગરમાં નીત ફર્યા કરે;
કાઇ પકડી બેસે એ નાવમાં, જો તે નર તો નીસ્સે તરે.
સાધન કર તું એ નાવનુ, જેનાથી તારૂં કારજ સરે;
નહી તો જનમારો એળે જશે. ચોઇરાશી ફેરા તું પાછો ફરે,
નીસ્સે માનનુ તારા મનમાં ભકતીથી મુકતી છે ખરી;
ભજ અંબાને-જેમાથી ભવસાગર તું જસે તરી.

ચોક ૧.

જગમાં આવીને સું જસ લીધો, અધર્મમાં તેં ખોયો ધરમ.
પુત્ર પત્નીની-માયામાં પડયો મેલી મરજાદા શરમ.

ખાધા પીધા વૈભોગ કર્યો તેં, નહી જાણ્યો કર્મ બીજો મરમ.
આઇવો તેરો-જવાનો પાછો ભોગવી કર્યાં કરમ.

શેર.

મારૂં મારૂં તું શું કરે જગમાં. શોધ તારૂં કર્મ નહી જડે.
મુદત જ્યારે પુરી થશે ને કાળ ઓચીન્તો આવી ચડે.
જબરજસ્તીથી લઇ જશે. તું માહા શંકટમાં આવી પડે.
માટે ભજ હવે તું ભગવતી, જેનાથી સંકટ કઇ ના નડે.
પાછળથો લાગે પસ્તાવો. તેથી ચાલ તું જરા ડરી.
ભજ અંબાને-જેનાથી ભવસાગર તું જશે તરી.

ચોક ૨.

જુવાની તારી ગઇ ગફલતમાં. તેં વેઠી માયા જંજાળ.
તારા કુટંબનું-પુરૂ તેં કરયું લીધી સઉની સંભાળ
ફાંસી કરમ તેં ઘણા કરીને, ઘણું મેળવું તે ધન માલ.
તોએ ના રાખ્યો-જરા સંતોસ તારા મનને કર ખ્યાલ.

શેર

પુત્ર પરીવાર પૈસો ઘણો. જોઇ જગમાં ફરે તું મદ ભર્યો
કોઇની શીખામણ માની નહી. કોઇના બોધ નહી કાને ધર્યો.
જુઠા સાચા પ્રપંચ કર્યાં તુ પાપ કર્યાથી નહી ડર્યો.
કામ ક્રોધને લોભે કરી જનમારો તારો પુરો કર્યો.
માયા જાળમાં તું લપટાયો એમા તારી નાહી ગરજ સરી.
ભજ અંબાને-જેનાથી ભવસાગર તુ જશે તરી

ચોક ૩

સમાયલો નહી તારો સ્વારથ. તુ મુરખ કેવો અજ્ઞાન.

એને વીચારી-જરા તું તારા લાભને થયું નુંકશાન.
સીધો રસ્તો છોડી પડયો તું. ધરેડમાં કેમ ભુલ્યો ભાન.
અંતકાળનો-બેલી નથી કોઇ તું નીસ્સે માન.

શેર.

ફાગટ ફેરો તારો થયો. રદ કરી જીંદગી તમાંમ તેં.
એક તાળકો ભાવે કરો, ના લીધું અંબાનું નામ તેં.
રાજગીર નરોત્તમ કહે ના કર્યાં પરમારથ કંઇ કામ તેં.
રેવાશંકર કહે નહી વાપરયું શુભે તારૂં રળેલું દામ તેં.
કીલાભાઇ કહે ગયો અવસર નથી આવતો ફરી ફરી.
ભજ અંબાને-જેનાથી ભવસાગર તું જશે તરી.

ચોક ૪

છંદ ૫.

રંગત લંગડી.

કર સમરણ તું સદા કાળીનું તેથી થશે તારૂં કલ્યાન,
નહી વીસરતું-માતું જે નામ, રાખ એનાપર ધ્યાન.—ટેક.
સાએ કરશે તારી સહાએ, દેવી જગતની છે પ્રતીપાલ,
રાખ ભરોસો-ભરમણા છોડ ભજીલે દીન દયાલ.
કીરપા કાળીની થશે તારાપર, તું મુક્તીનો મારગ સભાલ,
લાજ રાખશે-તારી મા ઘડી ઘડી લેશે સંભાલ.
ભાવે કર ભક્તી માતાની તરી જશે તું નીસ્સે માન;
નહી વીસરતું-માનુ જે નામ, રાખ એના પર ધ્યાન.

ચોક ૧.

ઇશ્વરની માયા આદ ભવાની, સૌ ઘટઘટમાં રહી છે વ્યાપી;

જગતજંતુંની-ભગવતી તારો ગુનો કરશો માફી.
ગરીબડો દેવ સમરે માને, દુઃખ સંકટ લાખખા કાપી;
જીતી દૈત્યને-દેવને અમેરાજ પદવી આપી.
વરદાન આપ્યા માએ દેવને તું મુરખ શું ભુલે ભાન;
નહી વીસરતું માનું જે નામ, રાખ એના પર ધ્યાન.

ચોક ૨.

નહી ભરોસો કર જીંદગીનો. પલમાં જશે તું જમને હાતે;
દાન દયા કંઇ-ધરમ તેં કર્યો નહી તારી જાતે.
સત સંગત નહી સેવા કરી, શું જવાબ દેશે જમને વાતે.
ચેતનમાં-આખરે નથી કોઇ તારી સાતે.
વારંવાર કર વીન્તી માતાની, ઉગારી લેશે નીસ્ચે જાન;
નહી વીસરતું માનું જે નામ, રાખ એના પર ધ્યાન.

ચોક ૩.

સીધો રસ્તો લે તું ભગવતીનો રાજગીર કહે કરી કથન;
સુખ સંન્સારી-ભોગવી અંતે જશે તું માને સરન.
રટણુ કરે નીત નરોતમ માં રેવાબટ તો કરે ભજન.
તન મન ધનથી-કરે નીત સેવા કીલાબાઇ જગજીવન.
નાચાર થઇને કરૂં વીનતી માંજી ઘણો છું છઉ નાદાન
નહી વીસરતું માનુ જે નામ રાખ એનાપર ધ્યાન

ચોક ૪.

છંદ ૬.

રંગત લંગડી.

જગતજનેતા માતા અંબીકા, આરાસુરમાં કર્યો મુકામ;

સંકલપુરમાં-માત બળીચરા ભક્તોનાં કરતી કામ. ટેક.
આસો માસનાં આવ્યા નવરાતર સૌને મન છે દીવાળી;
નવ દહાડા તો-માત નવ દુર્ગા ફરે જેવી મતબાળી.
સર્વે બેનને તેડાવ્યા માએ, પાવેથી આવ્યા માહાકાળી;
ગરબે રમવા-આવ્યા માહલક્ષ્મી ડુંગરવાળી.

શેર.

આવ્યા ચંડીકા ચામુડા, સીકોતર પણ આવી ખરી,
તોતળા તુળજા ભવાની, દક્ષણથી મા પરવરી.
સર્વે સજ્યા સણગાર શોભતા, હાતે ખડગ ત્રીશુળ ધરી;
ચોસઠ થઇ મા એકઠી, ગરબાની તૈયારી કરી.
ચોસઠ જોગણી ગરબે રમે છે સૌના મનની પોંચી હામ;
સંકલપુરમાં-માત બળીચરા ભક્તોનાં કરતી કામ.

શ્લોક ૧.

શક્તી રૂપે પ્રગટયા અંબા, ભક્તજનોનાં કરવા ઓધાર;
ત્રણ લોકમાં-માનું અખંડ નામ તો છે નીરધાર.
ભાર થયો બળી ભોમી ઉપર દઇત જાતનો વધ્યો વસ્તાર;
સહુ દેવતા-થયા બળી દુઃખી અરજ કરે વારંવાર.

શેર.

અરજ સુણી સહુ દેવની મા કોપ્યા દીન દયાળજી,
દૈતોને હણવા કારણે, માએ ધર્યું રૂપ વીકરાળજી.
વાઘપર વાહન કર્યું માએ લીધા ખડગ ને ઢાલજી;
ક્રોધ કરી મા પરવર્યા દૈતોનો આણવા કાળજી.
અસુર જાત સૌ પ્રાજે કર્યા મા ખુશી થયા સૌ દેવ તમામ,
સંકલપુરમાં-માત બળીચરા ભક્તોનાં કરતી કામ.

ચોક ૨.

અરજ કરીને કહું માજી બાળક તમારો હું નાદાન;
કંઇ ન સમજ્યો-હવે મને આપો બુદ્ધિ કે આવે ગ્યાન.
દયા ધરમ કંઇ કર્યાં નથી મા નથી કર્યાં મે પુન્યને દાન;
અઘોર કર્મ તો-કીધા મે ઘણા એવો હું થયો હેવાન.

શેર.

કરજોડી કરૂ વીન્તી, મારી અરજ લો માં કાને ધરી.
પાપનીતો શંખ્યા નથી, શું કહું માં વીસ્તારે કરી
સાચુ જુઠું બોલ્યો ઘણું. ન ચાલ્યો માંતમથી ડરી.
જો શમરણ કરતે હુ તારૂં, તારા નામથી જાતે હું તરી.
મુંડ મતી થઇ પડયો માંયામાં લીધુ નહિ તમારૂ નામ.
શંકલપુરમાં-માત બહુચરા ભકતોનાં કરતી કામ.

ચોક ૩

પરવરતી મારી દુર કરો, નીરવરતી પર રાખું વીસ્વાસ.
રંક છઉંમાં-રાખો તમ સરણ ચરણનો જાણી દાસ.
ભાવ કરી કોઇ ભજશે અંબા તેના મનની પુરસે આસ.
કંઇક ભકત પર-થઇ પરસન ઉગારી લીધા ખાસ.

શેર ૨.

કંઇકના વાશ સ્વર્ગ થયા, કંઇક તર્યાં માના નામથી.
રાજગીર નરોતંમ કહે તમ અંબા નામને હાકથી.
રેવાભટ કરજોડી કહે. માં પાર પાડો સર્વથી.
ફીલાભાઇ કહે સૌ સાંભળો ભકતી વીના મુકતી નથી.
સાચુ સમરણ માજી તમારૂ. ગુણ ગાવું છું તારો ગુલામ.
શંકલપુરમાં-માંત બહુચરા ભકતોના કરતી કામ.

છંદ ૭
પતૈ આખ્યાન.
રંગત લંગડી

કર્યો કોપ કાળીએ જ્યારે. પતૈ રાજાની ફરી મતી.
નૈયત ખોટી–તેથી થઇ એના રાજની બુરી ગતી. ટેક.
શુર્યવંશનો હતો રાજા, પ્રતાપશીંગનો કહું વીસ્તાર.
વીશ જોજનનું–ચાંપાનેર શહેર મોટુ ગુલજાર.
જેમાં ચોઇરાશી ચવટા બાવન બજાર સુંદર સોભા અપાર.
વરણ અઢારે–શહેરમાં ઘેરેઘેર પતીવર્તા નાર.

શેર.

ધરમ રાજ શતન્યાય છે. ત્રણ રાણી એને હતી સતી.
નવેનીદ છે અસ્ટ મીદ્ધી, એને પેટ પરજા નઇ હતી,
પુત્ર વીના ઝુરે ઘણા, રાજા રાણીને મંન ચીન્તા થતી,
આરાધન કર્યું દેવીતણું, કોઇ માહાતમાએ આપી શુભમતી;
નવરાતરનું વ્રત કરીને દેવી, ઉપર રાખી વ્રતી,
નૈયત ખોટી–તેથી થઇ એના રાજની બુરી ગતી.

ચોક ૧

મા પ્રતાપથી થયો એને, એક પુત્ર અતી ગુણવાન,
બાએગશાળી, હતો પ્રાક્રમી રૂપમાં દેવ સમાન,
રાજ અભીશક કરી કુંવરને, પીતા ગયા તપ કરવા ધ્યાન;
રાજ ગાદીએ, બેઠો એ પતૈરાજાનું કહું બયાન.

શેર

ધર્મ નીતી ચલાવે શહેરમાં, જ્યા પતૈરાજાની આણુ ફરે.

પુત્ર જેમ પ્રજા પાળે, સત ન્યાય રાજા સૌનો કરે,
દુખી નથી કોઇ શહેરમાં સૌ ધ્યાન નીત માંનુ ધરે,
પ્રજા જોઇ પ્રસંન થયો, રાજા મન બઉ ઉમંગ ભરે.
દાનેસ્વરી જે હતો રાજા, તેનાપર માની બહુ મહેર હતી,
નૈયત ખોટી, તેથી થઇ એના રાજની બુરી ગતી.

ચોક ૨.

શાંન્તી સુંદર નામે રાણી, હતી સતી પતી વર્તનાર,
ઉચ કુળની-શુભ લક્ષણી શોભે એને દરબાર;
પાંચ પુત્ર થયા તેને, હરખ્યો રાજા મંન અપાર,
ભણી ગણીને-થયા કુંવરો સહુ પાંચે હોંશીયાર

શેર.

નીચ મીત્ર બે બુરા મલ્યા, રાજાની તેથી મતી ફરી,
કૃષ્ણ ચરીત્ર સાંભળું, પરનારપર બઉ પ્રીતી ધરી;
શેઠ સાવકારની જોતો નથી. નથી ચાલતો દુન્યાથી ડરી,
એનો દીવસ નબળો આવીયો, પરનારપર કુદ્રષ્ટી કરી.
બુરી અપવા ચાલી શહેરમાં, થવા લાગી બઉ અપકીરતી,
નૈયત-ખોટી, તેથી થઇ એના રાજની બુરી ગતી.

ચોક ૩.

કરજોડી રાણી કહેવા લાગી સાંભળો તમે મારા સ્વામી;
નીચ બુધ્ધીને-પ્રાપ્ત કેમ થયા તમો આવા કામી;
પરનારીનો સંગ કર્યાથી ગયા કંઇક નરખે પામી;
જુઓ વીચારી-લાગે લંછંન આવે કુળને ખામી;

શેર.

સોળ સેંજ્ઞ રાણી જુઓ કૃષ્ણને એક સેત્ત તમે લાવો અઇ,
નવસો નવ્વાણું રાણી કરી એ નારના મેણાથી થઇ
રાજગીર નરોતંમ કહે હોનારને કાઇ દાળ્યું નઇ,
રેવા ભટ તો એમ કહે રાજાની બુદ્ધિ ફરી ગઇ;
કીલાભાઇ કહે એક ચીતથી સાંભળો એની શું ગતી થતી
નેયત ખોટી–તેથી થઇ એના રાજની બુરી ગતી;

ચોક ૪.

છંદ ૮.

રંગત મારીજાન

મા પાવાની પટરાણી કાળી દયાળા,
માજીરે–પતેને કરવા ગયા'તા ન્યાલ;
ફુટયા કર્મનો ધણી મુર્ખે નહી ઓળખ્યા દીન દયાલ, ટેક
જ્યારે આશો માસનાં આવ્યા નવરાતરે.
માજીરે–રાણીએ કર્યું વ્રત એક વાર.
અસ્ટમી દીન રવીએ ગરબો થયો રાજ દરબાર-
ખુબ મચી ધુમ ગરબાની પતેને દ્વારે.
માજીરે–ચાલે શોર સારંગી સીતાર.
જ્યારે ખબર પડી કાળીને પોતેમાં જવા થયા તૈયાર.

ચાલ છોટી.

માએ પેર્યા ફુલદામણી નવસેર હારે.
પાઉ અણુવત બીછવા ઘુઘરૂ કરે ધમકારે.
માએ નખ સીખથી સૌ સજ્યા શોળે શણગારે.
માએ પેરી ચોળી ચુંદડી શાળુ ઝરી તારે.

માજીરે—આવ્યા ત્યાં ભદ્રકાળી તતકાલ.
કુટયા કર્મનો ધણી મુરખે નહી ઓળખ્યા દીન દયાલ.

ચોક ૧.

કહે ભદ્રકાળી ઓ બેની પુછું એક વાતે.
માંજીરે—સાચું કહો. કયાં જાવ શણુગારી.
ત્યારે કાળી કહે પતેને દવાર ગરબાની ધુમ ન્યારી.
મ્હારી મરજી થઇ છે ઘણી. ગરબો જોવાની.
માજીરે—બેન સાથે ચાલો મહારી.
ત્યારે ભદ્રકાળી કહે નથી જવું રાજા ઘણો વ્યભીચારી.

ચાલ છોટી.

નહી માન્યું માજીએ ચાલ્યા રીસ કરીને.
આવ્યા ગરબામાં છાંયારૂપ ધરીને.
ત્યારે બોલ્યા ભદ્ર કાળી ક્રોધ ભરીને.
મહારે નહી જોવું તુજ મુંખ ગયા ફરીને.
માજીરે—થયો મુખથી એવો સવાલ.
કુટયા કરમનો ધણી મુરખે નહી ઓળખ્યા દીન દયાલ.

ચોક ૨.

મ.એ કૃષ્ણ ચરીત્ર ગાયું ગીત ગરબામાં.
માજીરે—ફરે કુંદડી લેતી તાળી.
આવીને ઉભા અંત્રીક્ષ દેવ સહુ જુવે છે ન્યાળી.
જેમ સોળ સેંસમાં શોભે કૃષ્ણ માહારાજે.
માજીરે—તેમ ગરબામાં શોભે કાળી.
નંદાને આવ્યો પને ગાએ ગરબો પાવાવાળી.

ચાલ છોટી.

જ્યારે પુરો થયો ગરબોને ચાલી માંદવારે.
ઘેર જતા જોઇ કાળીને પતૈએ જ્યારે.
આવી રસ્તામાં ઘેરી કર્યો ઉચ્ચાર.
તમો કોણુ રાણીને કયાં જાવો અત્યારે.
માજીરે-પતઇ કહે આધીરેન ગઇ હાલ.
ફુટયા કમનો ધણી મુરખે નહી ઓળખ્યા .દીન દયાલ.

ચોક ૩.

માને કહેવા લાગ્યો, પતે મોહલે પધારો;
માજીરે-કહે શું બોલ્યો મુરખ નહી સાન,
તુ પરજાના પતી થઇ તાહરે શું ભુલે ભાંન;
તને આપુ સુખ સપતી અખુટ ભંડારે.
માજીરે કહે થઇ તારાપર તુશમાન,
માંગી લે તું એ સીવાયે બીજા કંઇક વરદાન.

ચાલ છોટી.

તુ પરનારી પર કેમ રાખે બહુ પ્રીતી.
એ નથી કંઇ તારા ઊંચ કુળની રીતી.
જો પરનારીને કોણે જગતમાં જીતી;
જેને પરનારીનો સંગ તેની કહુ સ્થિતી.
માજીરે-કહે પરનારી વીખની જવાલ;
ફુટયા કર્મનો ધણી મુરખે નહી ઓળખ્યા દીનદયાલ.

ચોક ૪.

જો ઈંદ્ર દેવનો રાજા થયો વ્યભીચારી,

માજીરેક-હે એણે છળી ગૌતમ નાર,
ભગનહરને શ્રાપ લઇને નાઠો થઇ મંજાર.
દ્રુપતીની લેવા લાજ ગયો દુર્યોદન,
માજીરે-કહે નઇ કાડયો એણે કંઇ સાર;
અઢારક્ષોણી સેન્યાને સો ભાઇને થયો સંહાર.

ચાલ છોટી.

તેમ થશે તેના જેવી તારી પણ ખ્વારી;
તુ છોડી દેની પરનારી પ્રીત નઠારી.
તું માંગ માંગ વરદાન ફરી વીચારી:
એમ ત્રણવાર માએ કહ્યું મુખે પોકારી.
માજીરે-તોએ નહી માન્યું મુરખ ગોપાલ,
કુટયા કર્મનો ધણી મુરખે નહી ઓળખ્યા દીનદયાળ.

ચોક ૫.

ધસી આવ્યો પાપી, પાલવ ગ્રહવાને જ્યારે,
માજીરે,-ક્રોધ ભરૂ માને પરીતાપ,
લંપટી કામી આંધળા, તારૂ હવે આવી રહ્યું છે પાપ
તારૂ ઠામ ઠામ સૌ જસે, નથી રહેવાતું,
માજી કહે,-મુગળ બાદશાની તારાપર ચાંપ,
ક્રોધ ભરી કાળીએ પતેરાજાને દીધો શ્રાપ.

ચાલ છોટી.

જ્યારે પતેરાજાપર, રૂઠ્ઠામાત ભવાની,
કહે રાજગીર નરોતમ, થશે ધુળધાણી,
કહે રેવાભટ સૌ કરો. ભક્તી માતાની;

છે કોલાબાઇપર, સદા માની મહેરબાની,
માજીરે—તમે લેજો સૌની સંભાળ.
ફુટયા કર્મનો ધણી મુરખે નહી ઓળખ્યા દીન દયાલ.
(આ આખ્યાન અપુર્ણ છે બીજા ભાગમાં પુરૂ થશે.)

છંદ ૯

રંગત ખડી—મંમાનો દો અંગ.

મહંમાયા છો આદ ભવાની, જોગ માયા તમારૂં નામ,
મુક્ત કર્યા માએ દુઃખ શંકર, જે બ્રહ્માના હતા તમામ. ટેક.
માહાસાગરમાં મધુકીટભ, બળની બહુ રાખે છે હામ,
મનસુબો એ કરી આવ્યા, જહાં નાંભી કમળ બ્રહ્માનો મુકામ;
મસ્તગ ફેરવી કહે પાપીઓ, કરો હંમ સાથે સંગ્રામ,
મદદ હોય તો થાઓ સાંમે, નઇજાવા તે છોડી આ ઠામ;
મન વીચારી બ્રહ્મા આવે, જ્યાં પોહડેલા સુંદર શ્યામ,
મુક્ત કર્યા માએ દુખ શંકટ, જે બ્રહ્માના હતા તમામ.

ચોક ૧.

મનન કર્યું નીદ્રા દેવીનું, એણે જગાડયા વીસ્નું તે ઠામ,
મહંમાયા ત્યાં પ્રગટ થઇને, ઉભા રહયા વિષ્ણુની સાંમ;
મદત કરો માહરાજ હમારી, કહે બ્રહ્મા કરી પ્રણામ,
મારી દૈતને તમે ઉગારો, કરો હમારા પુરણ કામ;
મને ડરાવે દૈત પાપીઓ, મારી નહી કે ચાલી હામ,
મુકત કર્યા માએ દુખ સંકટ, જે બ્રહ્માના હતા તમામ.

ચોક ૨.

માહરાજ વીષ્ણુંએ દૈત સાથે પાંચ હજાર વરસ કેરૂ સંગ્રામ.

મુઆ નેહીએ બન્નો પાપીઓ થયા નીરમુખ સુંદર સ્યામે.
મોહ પમાડયા એને દેવીએ એક પલમાં પાડયા ઠામ.
મરાવ્યા માંએ વીષણું હાથે પોંહચાડયા પાપીને સંધામ.
મધુ કિટભનો નાશ જોઇ બ્રહ્માંએ ધ્યાન કર્યું પ્રણામ.
મુક્ત કર્યાં માએ દુ:ખ સંકટ જે બ્રહ્માના હતા તમામ.

ચોક ૩.

મારકંદને કહ્યું બ્રહ્માએ દેવીનું માહતમ તમામ.
મુખે વખાણી દેવી મુંનીએ કર્યું જગતમાં પ્રશીદ નામ.
માંગે રાજગીર નરોતમ એ માની પાસ મુક્તીનો ધામ.
મહેર કરોમાં રૈવા ભટ કહે સૌના મનની પુરજે હામ.
માફ કરો મારી ભુલચુકમાં કીલાભાઇ છે તારો ગુલામ,
મુક્ત કર્યાં માએ દુ:ખ સંકટ જે બ્રહ્માના હતા તમામ,

છંદ ૧૦.

રંગત ખડી લંલાની દોઆંગ.

લક્ષ્મી રૂપે પ્રગટ થયામાં તમો જગતની છો પ્રતીપાલ.
લંજા રાખી મા તમે દેવની તમે લીધી સૌની સંભાળ.
લંપટી સ્ફુસ્ટ એક દેત મહેશ ઉતપંન થયો પાપી ચંડાલ.
લીધું લડીને વેર પોતાનું ઇંદ્રદેવ જીત્યા તતકાલ.
લઇ બેઠો ઇંદ્રાસન એનું. કેરા પાપીએ બુરા હવાલ
લીધા સૌં અધીકાર દેવના સ્વર્ગમાં પાડી હડતાલ.
લાગી ચીન્તા સહુ દેવને મળી મનસુબો કહરો ખ્યાલ.
લંજા રાખી માં તમે દેવની તમે લીધી સૌની સંભાલ.

ચોક ૧.

લઇ બ્રહ્માંને સાથે આવ્યા વીષ્ણુ પાસે કર્યો સવાલ.
લાજ રાખો મહરાજ હમારી દૈતોથી બહુ થયા બે હાલ.
લીધી શક્તિ સૌ દેવોની કાડયું તેજ પોતે તતકાલ.
લક્ષ્મી રૂપે પ્રગટ થયામા તમો મહંમાયા દીન દયાલ.
લાંબા થઇ પ્રણામ કરે સૌ દેવ કહેમાં સંકટ તાલ.
લજ્જા રાખી માતમે દેવની તમે લીધી સૌની સંભાલ.

ચોક ૨.

લેવા દુસ્ટનાં પ્રાણ માંએ, લીધુ સ્વરૂપ મોટું વીકરાલ.
લઇ સંખનો નાદ કર્યો જયાં, દૈત લોકમાં ગયો સવાલ.
લાગી ચીન્તા એની સહુને, પડી મહીસાસુરને ફાલ.
લીધો કાળે અવતાર એવો, કાળુ બળીઓ પ્રગટયો લાલ.
લઇ શેન સનમુખ આવી, કરી ગરજના મોટી તતકાલ.
લજા રાખી મા તમે દેવની, તમે લીધી સૌની સંભાલ.

ચોક ૩.

લઇ ધનુસ ટંકાર કર્યો જયા, જેથી ડોલ્યા દશે ડીગપાલ.
લાગી ધરતી સૌ ધ્રુજવાને, ધ્રુજયુ સ્વર્ગ મ્રત્યું પાતાલ.
લાખે સામી સામી હથીયારો, છુટે ગદા ફરસીને ભાલ.
લાગ્યું દારૂણ જુધ થવાને, કાઇ કોઇના છોડે ખ્યાલ.
લીધો મધુનો પ્યાલો માંએ, જયાં પીધો નેત્ર થયા બે લાલ.
લજા રાખી માં તમે દેવની, તમે લીધી સૌની સંભાળ.

ચોક ૪.

લઇ ખડગ જયાં ચડી મૈસ પર, છેડયું સીસ માએ તતકાલ
લાખે પુષ્પ જયાં દેવ દેવી પર, થઇ સૌને મંન ખુશાલ.

લાજ રાખો કહે રાજગીર માં, નરોતંમ છે તમારો બાલ.
હેજે ફગારી, રેવાભટને કરજોડી કહું છું કંગાલ.
લામ દોંગ કરી કહે કીલાભાઇ ભુલચુકમાં મારી સમાલ.
લંજો રાખી માં તમે દેવની લીધી તમે સૌની સંભાલ.

ચોક ૫.

છંદ ૧૧.

રગત ખડી. નંનાની દોઅંગ.

નામ નીરજન છો મહંમાયા, નીરાકારથી થયા ઉનપંન.
નમુ દેવી માં જગત જનુની, તારા નામનું કરૂ કથન. ટેક.
નીરંજનની માં આદ ભવાની, તમે કરો માં દુર વીઘન.
નારાયણી છો તમો દયાળી. તમે કરો સૌનું રક્ષન.
નાશ કરો છો તમે શત્રુનો, વળી કરો ઉદેપાલન.
નામ તમારૂં ત્રીગુણી સ્વરૂપ છો, તમે છો માજી દુખભંજન.
નીત ધરે કોઇ ધ્યાન તમારૂ, સદા કરે તારૂ સમરંન.
નમુ દેવી માં જગત જનુની, તારા નામનું કરૂ કથન.

ચોક ૧.

નાશ કર્યા માં તમે દૈતંને, હતા દેવના જે દુસ્મંન,
નીરભે પદમાં આપી દેવને. તમે રાખ્યા કરી જતંન.
નહી થાય તેવા કામ કર્યા, સૌ દેવ કહે માને ધન ધન,
નમસકાર એ માની લેજો, અમે રહ્યા મા તારે સરન.
નાચારીથી બહુ કરી વીનતી, હેવે કર્યું માનું વરણુંન,
નમુ દેવી માં જગતજનુની, તારા નામનું કરૂ કથંન.

ચોક ૨

નહી રાખો કંઇ ડર દેવી કહે, દેત્ર તમે કધરૂ વનદન,
નોમ અસ્ટમી ચતુરદશીજે, કરે કોઇ મારૂ પુજંન.

નીત નામનો પાઠ કરે કોઇ, દેવ માનવી કરે અરચંન,
ન્યાલ કરૂં હું તેને જગતમાં, સદા કરૂં તેનુ રક્ષન.
નીસ્સે માનજો દેવ તમે સૌ, ધ્યાન રાખજો મારૂ વચંન,
નમુ દેવીમાં જગતજનુની, તારા નામનું કરૂં કથંન.

ચોક ૩

નાદાન બુદ્ધી મુઢમતીમાં, નથી ખબર દુન્યાનું ચલંન,
ન જાણી કંઇ રીત ધર્મની, માયામાં લપટાયું મંન.
નામ લીધુ નહી એક ઘડી જેમ, શાગરમાં ગયો બુડન,
નાવ રૂપેમાં છો શાગરમાં, તમે તારોમાં કરી જતંન.
નહી વાલી કોઇ અન્તકાળનો તમવીન રાખે કોણ સરન,
નમુ દેવી મા જગતજનુંની તારા નામનું કરૂ કથંન.

ચોક ૪

નપ્ટપણું મારૂ દુર કરો મા, પાપીને કરજો પાવંન,
નહી વીસરૂ મા એક ઘડી હું, તારા નામનું કરૂં શોધંન
નમસકાર છે રાજગીરનાં, નરોતમ કરે માનું રટન,
નામ જપે નીત રેવાભટમાં, સદા કરે તારૂ સમરંન.
નીત ગાએમાં ગુણ તમારા કીલાભાઇ કહે રાખો સરંન,
નમુ દેવી મા જગત જનુંની, તારા નામનું કરૂ કથંન.

છંદ ૧૨.

રંગત ખડી. સંસાની દોઅગ.

સદા સમરૂં માં આદ ભવાની, સત ચરણનો હું છઉ દાશ.
સત નામ અખંડ તમારૂં, ત્રણ લોકમાં તારો પ્રકાસ. ટેક
સત ગુણમાં રજો તમો ગુણ, એક રૂપ તમારૂં ખાશ,

શક્તી રૂપે માં તમે રહ્યા છો, કરી સૌના ઘટમાં વાશ.
સાગરમાં રહી મોહ પમાડી, મધુકિટભનો કીધો નાશ.
સંકટ સૌ બ્રહ્માના કાપી, તમે રહ્યા વીસ્તુની પાશ.
સુખશાન્તી સૌને આપો છો, દુરીજનને આપો છો ત્રાશ.
સતનામ અખંડ તમારૂં, ત્રણુ લોકમાં તારો પ્રકાશ.

ચોક ૧.

શરણુ આવ્યા દેવ તમારે, દૈત્યોથી મા થયા નીરાશ.
સાએ કરી માં તમે દેવ પર, તમે કરી એની બરદાશ.
શત્રુ દેવના હતા દૈતોમાં, તમે કર્યો પાપીનો નાશ.
સૌ દેવ મળીને કરે વીનંતી, કરજોડી દેવી તંમ પાસ.
સર્વે વ્યાપી તમે રહ્યા માં, તમે કરો સૌનો નીરવાશ.
સત નામ અખંડ તમારૂ. ત્રણુ લોકમાં તારો પ્રકાશ.

ચોક ૨.

શાસ્ત્ર વેદને પુરાણુ વીધાં, તેમાં તમારો રહ્યો ઉજાસ.
સરસ્વતીની સાએ જેના પર, તેને થાય વીદયા અભીયાસ.
સંસારમાં છો લક્ષ્મી રૂપે, ભક્ત ઘેર તમારો વાસ.
સઉ ગેર છો અચીચળમાં, નથી દુરી રહેતા કોઇ પાશ.
સાગરમાં જેમ નાવ તરાવે, તેમ તારા નામથી તરસે ખાસ.
સત નામ અખંડ તમારૂ, ત્રણુ લોકમાં તારો પ્રકાશ.

ચોક ૩.

સૌ દેવ કહે પ્રણામ કરી માં, જેવી હમારી પુરી આસ.
સુખ સંપતી સૌને આપજો, તમે દુખનો કરજો નાશ.
સેવા કરે છે રાજગીરમાં, નરોતમને નીત અભ્યાસ.

સદા સમરૂ માં રેવા ભટ કહે, તારા ચરણનો હું છઉં દાસ.
સહાય કરો માં ફીલાભાઇ પર, સદા માંગે ભક્તી તમ પાશ.
સતનામ અખંડ તમારૂં, ત્રણ લોકમાં છે તારો પ્રકાશ.

ચોક ૪

છંદ ૧૩.

રંગત ખડી પંપાનો ચો અંગ

પરમ દયાળુ પરગજુમાં તમો ઇશ્વરી આપોઆપ.
પાએ પડી પ્રણામ કરૂમાં તમો જગતની છો માબાપ. ટેક.
પડયું જ્યારે દુખ દેવપર દૈતોનો દીઠો પરિતાપ.
પરી બ્રહ્મની કરે પ્રાર્થના દેવ જપે સૌ એનો જાપ.
પરમારથ કરવાને પોતે નરનારી રૂપ લીધુ આપ.
પાપી દુસ્ટને પ્રાજે કરીમાં તમે દૈતને દીધી ચાંપ.
પુષ્પ વરસ્ટી કરી દેવી પર દેવ ગયા સૌ માંગી માંય.
પાએ પડી પ્રણામ કરૂમા તમો જગતની છો માબાપ.

ચોક ૧.

પરઉપકારો તમો દયાળી ત્રણ લોકમાં તારો પ્રતાપ.
પર દુખ ભંજન છો માં પોતે જપે કોઇ તમારો જાપ.
પાદ પુંજા નીત કરે પ્રેમથી તેના દુખ સૌ કંકટ કાપ.
પાપીને તું પાવન કરનારી મારો ગુનો માં કરજે માપ.
પુન પરમારથ કંઇ પ્રેમથી કર્યા નહી મેં જાતે આપ,
પાએ પડી પ્રણામ કરૂમાં તમો જગતની છો મા બાપ.

ચોક ૨.

પરપંચ કરી પરધન હરીમાં ગુને લાગ્યો એનો અદાપ.
પરની દયા પરનાર સંગનો મારે માથે પડયો કીતાપ.

મલ એકમા પડશે કાયા પછી કેમ જમને દઇસ જબાપ.
પાછળથી પસ્તાવું પડશે મા હવે મને શબુદ્ધી આપ.
પાર પાડોમાં ભવ સાગરથી મને ઘેરે છે મારૂ પાપ.
પાયે પડી પ્રણામ કરૂ માં તમો જગતની છો માબાપ.

ચોક ૩.

પરાયા પર પ્રીત કરી બળી તીરસકાર કર્યા માબાપ.
પડયો માયામા હું લપટાઇ હસે પુર્વેનો કંઇ સરાપ.
પાળે પુત્ર જેમ મા પોતાની તેમ મને તારો કરીને થાપ.
પ્રેમથી પુંજા કરે રાજગીર નરોતમ જપે છે જાપે.
પપાનો ચો અંગ કરી કહયો જે કીસાભાઇએ માં પરતાપ.
પાયે પડી પ્રણામ કરૂ મા તમો જગતની છો માબાપ.

છંદ ૧૪

રંગત ખડી.

જગત જનુની આદ ઇશ્વરી, તમો મહંમાયા દીનદયાળ;
મહાલક્ષ્મી મા ડુંગરવાળી, સેવકની લેતી સંભાળ
દક્ષણ દેશ થાણાં જીલ્લામાં, વેવળ ગામ છે દેહણું પાસ;
વનવગડામાં તમો રણાં માં ડુંગર ઉપર કઇરો વાસ.
દોયલા ડુંગર ચડી આવે સૌ, અરજ કરે માજી તમ પાસ.
ધાર્યા કામ સૌ પાર ઉતારે, સેવકની મન પુરો આસ.
કોઇ બાઇને કસ્ટ પડયું માં, ડુંગરથી ઉતર્યા તતકાળ;
માહલક્ષ્મી માં ડુંગરવાળી, સેવકની લેતી સંભાળ. ટેક.

ચોક ૧.

દયા કરી માં દુન્યાં ઉપર, ડુંગર નીચે કર્યો મુકામ;
શાએ કરી સઉ સેવક ઉપર, જંગલમાં થયું મોટું ધામ.

ચૈતર માસ પુનમ જાત્રા, પ્રખ્યાત થયું દુન્યાંમાં નામ;
દેશ દેશથી દરશણુ કારણુ, આવે માંજી લોક તમામ.
આવે અમીર ઉમરાવ મોટા, આવે કોઇ ગરીબ કંગાળ;
માહાલક્ષમી માં ડુંગરવાળી, સેવકની લેતી સંભાળ.

ચોક ૨.

નાંનાં મોટા જે કોઇ આવે, માતાને મંન સૌ સમાન;
મોજ મજા સૌ કરે સંગમાં, નથી થતા માં કોઇ હેરાન.
મહેર દ્રસ્ટી છે સૌપર માંની, મુંડમતી આપણુ અજ્ઞાન;
એવી દયાળી એ મહંમાયા, કેમ ભુલવું એનું ધ્યાન.
જેમ પુત્રને પાળે માતા તેમ, કરે માં સઉની રખેવાળ;
માહાલક્ષમી માં ડુંગરવાળી, સેવકની લેતી સંભાળ.

ચોક ૩.

ત્રીગુણ સ્વરૂપ એક રૂપ તમો, તમો જગતની છો માંબાપ;
તમો બ્રહ્માંણી તમો ઇંદ્રાણી, તમો લક્ષ્મી આપોઆપ.
તમો રહ્યા સૌ ઘટમાં વ્યાપી, જપે કોઇ તમારો જાપ;
તમ શરણુમાં જો કોઇ આવે, તેના દુખ સૌ સંકટ કાપ.
ઉદે પાલન લેકરનારી, તમો ઇશ્વરી દીનદયાળ;
માહાલક્ષ્મી માં ડુંગરવાળી, સેવકની લેનો સભાળ.

ચોક ૪.

જ્યારે હુકમ થાએ માજીનો ત્યારે ઘટે કુવે પાણી;
આપે આજ્ઞા ઘેર જવાની સૌ સંગને એંધાણી.
રાજગીર ઉસ્તાદ કહે નરોતમની અમૃત વાણી;
ગુણુ ગાએ છે રેવાભટ નીત, માજી તારા ઉમંગ આણી.

ઠીલાભાઇ કરજોડી કહે મા, તમે સૌની છો પ્રતીપાળ;
માહલક્ષ્મી મા ડુંગરવાળી સેવકની લેતી સંભાળ.

ટોક ૫.

છંદ ૧૫.

રંગત ખડી.

ચાલો જઇએ આરાસુરમાં, અંબે માત બીરાજે છે;
જગત જનેતા છે જુગદંબા સાચા દરશણ આપે છે.—ટેક.
આપોઆપ છો ગંબર ઉપર, કર્યો વાસ વગડાની માંય;
સાચી ભક્તી હોય કોઇની, તેના પર છે માંની સાય.
એક ગોવાળીઓ આરાસુરનો, ચરાવતો લોકોની ગાય;
ગાય ચરાવી કરે ગુજારો, નહી સમજે તે બીજો ઉપાય.
સૌ ગાયોમાં ગાય ચરવા માતાની એક આવે છે;
જગતજનેતા છે જુગદંબા, સાચા દરશણ આપે છે.

ટોક ૧.

સૌ સૌની તો ગાયો સોંપી, ગોવાળ નીચારે પોતે મંન;
આ ગાય કોની આવે છે, જઇ જોઉં એનુ ભોવન.
ગાયની સાથે ગયો પહાડપર, આવ્યો દ્વાર ગોવાળનો તંન.
જ્યાં ઝુલે અંબા હીંચોળે, ભાગ્યશાળી પામ્યો દરશણ;
ગોવાળ કહે મા ગાય તમારી, નીત ચરવા એક આવે છે;
જગત જનેતા છે જુગદંબા, સાચા દરશણ આપે છે.

ટોક ૨.

નથી ગાયની ચરઇ આપતા, છઉં ગરીબ ઘણો નાચાર;
મા કહે હું કેમ નહી આપું, કેમ ભુલું તારો ઉપકાર.
સોનાજવનું ભર્યું સુપડું, આપ્યું છે માએ નીરધાર;

થશે ગુજારો એમાં તારો, ગભરાતો નહી મન લગાર.
જોઇ જવને ગોવાળ વીચારે, મન એનું પસ્તાએ છે;
જગતજનેતા છે જુગદંબા, સાચા દરશણ આપે છે.

ચોક ૩.

રીશ કરી જવ લાખી દીધા, આવ્યો ઘેર થયો ઉદાસ,
વાત કરી એણે નારી પાસે, હુ ગયો તો માના પાસ.
પીળા જવ તો આપ્યા મુજને, લાખી દીધા થઇ નીરાશ,
નારી કહે તમ ખોટું કીધુ, માટા લોક પુરે મન આશ.
જે મોટા આપે તે લેવું, નારી મંન મનાવે છે,
જગત જનેતા છે જુગદંબા, સાચા દરશણ આપે છે.

ચોક ૪

ફરી વીચાર બેઉ નરનારી, આવ્યા પહાડ ઉપર જ્યારે.
જ્યાં જવ લાખ્યા ત્યાં નહી દીઠા, કરે મનમાં વીચારે,
અપવાસ કર્યા નવરાત્રીના ચાવી ઝરેરા નરનારે.
નવ દહાડાની જોઇ ભકતી, પ્રસન થયા માજી ત્યારે,
માંગો માંગો જે ઇચ્છા હોય તે, માજી મન મનાવે છે.
જગત જનેતા છે જુગદંબા, સાચા દરશણ આપે છે.

ચોક ૫

કરજોડી બોલ્યા નરનારી, તમ જેવો આપો એક બાલ,
થશે જુગમાં નામ તમારૂં, તમે માજી છો દીન દયાલ.
ગોકુળમાં થસો નંદ જસોદા, એવો માજીનો થયો સવાલ;
એક બાળક તમ ઘેર આવશે, જે જગતના છે પ્રતીપાલ,
પુત્ર જાણીને તમો પાળસો, મા કહી વાત સમજાવે છે;
જગત જનેતા છે જુગદંબા, સાચા દરસણ આપે છે.

ચોક ૬

સંગ છાડીને નંદ જસોદા, આવ્યાતા માને ભુવંન,
વાળ ઉતાર્યા શ્રી કૃષ્ણુના જસોદાએ કર્યું પુજન.
શીશ નમાવ્યું જ્યારે કૃષ્ણુએ, તારે માજી બોલ્યા વચન;
અણુગટતું તો થાયે જુગમાં. તમે વીચારો પોતે મંન,
કૃષ્ણુ કહે જો હું નમુતો, તારી માનતા ચાલે છે.
જગત જનેતા છે જુગદંબા, સાચા દરસણુ આપે છે.

ચોક ૭

નંદ જસોદા શ્રી કૃષ્ણુજી, આવ્યા સૌ પોતાને ધમ;
ચાલી માંનતા દેશોદેશમાં, વધાર્યું અંબાનું નામ,
રાજગીર ઊસ્તાદ નરોતમ, સદા માંગો મુક્તીનો ધામ;
નીત જપેમાં નામ તમારૂં, રેવા ભટ છે તારો ગુલામ.
ગુણુ માએ નીત કીલાબાઇમાં, જેવી બુદ્ધી બતાવે છે;
જગત જનેતા છે જુગ દંબા, સાચા દરશણુ આપે છે,

ચોક ૮

છંદ ૧૬.

રંગત ખડી.

કરજોડી પ્રણુામ કરી કહું, ગમે તેવો માં, તારો બાલ,
આખર વખતે યાદ કરૂં છું, હવે માજી તું મને સમાલ. ટેક.
ધુળ થઇ મારી જીંદગાની, મને પયડો માયાનો માર.
ભુલી ગયો માં ધર્મ ધ્યાન સૌ, કેમ થસે મારો આધાર.
અંતકાળનો બેલી નથી કોઇ, રાખી ફીકર માં કરજે વાર.
હવે આવ્યો શરણુ તમારે, હું અજ્ઞાની થઇ નાચાર.

કેઇ ભક્તના કામ કર્યાં માં, તમે જગતની છો પ્રતીપાલ.
આખર વખતે યાદ કરૂં છું, હવે માજી તુ મને સમાલ.

ચોક ૧.

સક્તી રૂપે પ્રગટ થયા માં, તમે રહયા વીશ્નુની પાસ.
પ્રથમ દુખ બ્રહ્માનું ભાગ્યું, મધુકિટભને કીધા નાશ.
જયારે મૈસાસુર થયો માં, દેવોને આપ્યા બહુ ત્રાશ.
અરજ સાંભળી સૌ દેવની. તમે કરી એની બરદાશ.
નરનારીનું રૂપ ધરીને, માર્યો મૈસ પાપી ચંડાલ
આખર વખતે યાદ કરૂં છું, હવે માજી તુ મને સમાલ.

ચોક ૨.

શુંભની શુભ બે દૈત થયા માં, દેવોને કરતા હેરાન.
હીમાચળ પર પ્રગટ થઇને, તમે લીધું એના પર ધ્યાન.
પ્રથમ માર્યો ધુમ્રકેતુ, ચંદ મુંદ હતા બળવાન.
રક્તબીજને રોળી નાખ્યો, કરી ગયા રૂધીરનું પાન.
શુંભ નીશુંભનો નાશ કર્યો મા, કરી સ્વરૂપ મોટું વીકરાલ.
આખર વખતે યાદ કરૂ છું હવે માજી તું મને સમાલ.

ચોક ૩.

પુષ્પ વરશી કરવા લાગ્યા, માતા ઉપર દેવ તમામ.
ધન ધન માં જગત જનુની, તમે કર્યાં પરમારથ કામ.
રાજગીર ઉસ્તાદ નરોતમ, કહે માને કરી પ્રણામ.
રેવાભટ કહે કરજોડી માં, અવે આપો મુક્તીનો ધામ."
કીલાભાઇ કહે અરજ મારી, માં આવા ગવનનો ફેરો ટાલ.
આખર વખતે યાદ કરૂં છું, હવે માજી તુ મને સમાલ.

ચોક ૪

છંદ ૧૭
રંગત ખડી.

આવો જાઇએ પાવાઘડપર, માત કાળી બીરાજે છે;
આદ શકતી તમે છો મહંમાયા, દરશણથી દુખ ભાંગે છે.
પતે પાવાનું રાજ કરે મા, જેને બેર સોળે રાણી;
સુખ સંપદા સુંદર શોભા, હતી માંની જયા મહેરબાની.
દુરમતી જ્યારે થઇ દુસ્ટની, કોઇપા માતા ભવાની;
પલમાં પલ્લેકાર કર્યું માએ, કરી નાખ્યું સૌ ધુળધાની.
ગુમાવ્યા ધન માલ ખજાના, નાઠો દુસ્ટ ભય લાગે છે;
આદ શકતી તમે છો મહંમાયા, દરશણથી દુખ ભાંગે છે.

ચોક ૧.

તોડયા પહેલા બાગ બગીચા, તોડી નાખ્ય માંએ મોટા મકાન=
રાખી એંધાણી થોડી થોડી, ડુંગર ઉપર ચોદક માંન.
કાડયો વંશપતૈં ગજાનો, ભાંગ્યું નગર ને થયું મેદાન=
તમે થાપોમાં તમે ઉથાપો, નથી કંઇ તમને અંજાણ.
સર્વે વીસ્નવો તારા ખંપરમાં, તુમૌને બચાવે છે.
આદ શકતી તેમ છો મહંમાયા દરશણથી દુખ ભાંગે છે.

ચોક ૨.

દેશો દેશના ભકતો માજી આવે સૌ તમારે ધામ.
મહેર હે.ય જો માજી તમારી તો તો પુરજો મનની હામ.
દોયલા ડુંગર ચ વા માંના વચે આવે એક માંછી ગામ.
તળાવ તે લીલું છે ભરપુરે શાધવી લોક જ્યાં કરે મુકામ.
કોઇ ખાય છે [illegible]ુ કોરૂ કોઇ રશોઇ બનાવે છે.
આદ શક્તિ તમે છા મહમા[illegible] દરશણથી દુખ ભાંગે છે.

ચોક ૩

જે જે શબ્દ કરતા રમતા નરનારી સૌ ચાલ્યા જાય.
આવે દુધીયુ તળાવમાંનું શીતળ જળ છે તેની માંય.
નાહી ધોઇને સ્વચ્છ થઇને થઇ જાય છે નીરમળ કાય.
બેસોને પંદર ચડી પગથીઆ ભેરવનાથને લાગે પાય.
દશ પગથીઆ કમાન અંદર ભક્ત ચડી હરખાએ છે.
આદ શક્તી તમે છો મહંમાયા દરશણથી દુખ ભાંગે છે.

ચોક ૪

ડુંગર ઉપર માનું દેહરૂં, ધજા ફરકતી શીખરે;
દેવલ અંદર માત બીરાજે, પીર સજનશા ઉપરે.
આસપાસ માહકાળી બળીચરા, અખંડ જોદ જેની સુંદરે;
રંગમંડપ માનો શોભે કેશરી, માનો ભક્ત છે જંબરે.
એ કુંડ તો છે હવનનાં, દીપકમાળ માની સામે છે;
આદ શક્તી તમે છો મહંમાયા, દરશણથી દુઃખ ભાગે છે.

ચોક ૫.

દુલ્લભ દરશણ માજી તમારા, ડુંગર ઉપર કર્યો વાસ;
રાજગીર ઉસ્તાદ કહે મા, સદા રહું તમારો પાસ.
નરોતમ કરજોડી કહે મા, સૌના મનની પુરજો આસ;
રેવાભટ કહે ઊગારી લો મા, તારા દાશનો હું છઊં દાસ;
કીલાભાઇ કહે અરજ કરી મા તારે હાથ મારી લાજે છે.
આદ શક્તી તમે છો મહંમાયા, દરશણથી દુઃખ ભાંગે છે.

ચોક ૬.

છંદ ૧૮.

રંગત દોડકડીની;

કર જોડી પ્રણાંમ કરૂં, કરો કબુલ અરજી માંરી;

માજી છઉ ઘણોજ નાચારી; ટેક.

હું બાળક અજ્ઞાન. રંક જાણીને સાહે કરજો;
કાપો સંકટ સૌ દુખ હરજો;
મારી હકીગત કહું માજી મારી અરજ કાને ધરજો;
કરો કંઈ કૃપા મુજ પર જો;
અવતાર આપ્યો ઊચવર્ણમાં શું કહું વીસ્તારી;
માજી ચઊ ઘણોજ નાચારી;

ચોક ૧.

લખ ચોર્યાશી ફેરાફર્યો, પછી આપ્યો મનશા અવતાર;
અવધ બાંધીને આવ્યો તે વાર;
પાંચ તત્વનું કર્યું પુતળું, માયા છે અપરંમ પાર;
જીવ મહી આવી રહયો નીરધાર;
નવ માસ રયો ગર્ભ વીશે, કરી ઘણી ભક્તી સારી;
માજી છઊ ઘણોજ નાચારી;

ચોક ૨.

કર્મ બંધ જ્યારે છુટયા માજી, હું આવ્યો પ્રથ્વી દરમ્યાન;
પડયો માયા મા થઈ અજ્ઞાન;
કરી શરત હું ચુક્યો માજી, મેધર્યું નહી કંઈ ધ્યાન;
પડયો સાગરમાં થઈ બે ભાન;
બાળપણામાં રમ્યો જમ્યો કરી, મોજમઝા સારી;
માજી છઊ ઘણોજ નાચારી;

ચોક ૩.

જ્યારે જુવાની થઇ માજી મદ ભર્યો બહુ ફરતો;

કરી પ્રપંચ પેટ ભરતો.
ચાડી ચુગલી કરી ઘણી પર નીંદા બહુ કરતો;
પાપ કરવાથી નહી ડરતો.
જ્યારે અવસ્થા થઇ તોએ, ના સમર્યા માત મારી;
માજી છઉ ઘણોજ નાચારી.

ચોક ૪.

ફોગટ ફેરો થયો માજી, હવે વલે શી થાશે;
પડશે કાયા ને જીવ જાશે.
જીવ જમડા લઇ જશે, મારગમાં માર ખાશે;
નથી રહેવાનું કોઈ પાસે.
જીવે કાયાનો સંધ કરીને પામ્યો દુઃખ ભારી;
માજી છઉ ઘણોજ નાચારી.

ચોક ૫.

નથી કર્યા મે પુન્યદાન, નથી કર્યા દેવ પરસંન;
માજી હું આવ્યો તારે શરણ.
રાજગીર ઉસ્તાદ કહે મા કરજો દુર વીઘંન;
નરોતમ કહે કરજો રક્ષણ.
રેવાભટ ને કીલાભાઇ નીત કરે ભકતી તારી;
માજી છઉ ઘણોજ નાચારી.

ચોક ૬.

છંદ ૧૯.

રંગત દોડ કડીની.

આરાસુર છે ધામ, નામ અંબામાનું ધંનધંન;

જેનો જેવો ભાવ તેવા દરસંન.
અબ્બર ઊપર મુકામ માનો નથી રૂપ પ્રકાશ;
વીકટ વગડામાં કર્યો માએ વાશ.
ગેબી હીંડોળા ઝુલે માજી મને દરશણની બહુ આશ;
ભાગ્ય મારૂં ફુટયું થયો નીરાશ.
ભાગ્યશાળી કોઇ દરશણ પામે જીવવું તેનું ધનધન;
જેનો જેવો ભાવ તેવા દરશન.

ચોક ૧.

વમળ પર માં પ્રસંન થયાને કર્યો તેને ન્યાલ;
બંધાવી આપ્યા દેહરા તતકાળ.
ત્રણસો સાંઠ તો દેહરા બંધાવ્યા, જાણી પોતાનો બાળ.
આરસના દેહરા જાંકજમાળ.
ફરી મતી જ્યારે વમળની માં બોલ્યો અવળા વચન;
જેનો જેવો ભાવ તેવા દરસન.

ચોક ૨

સુણી વમળના વચન માને થયો ક્રોધ અપાર;
કર્યો અરજી માએ તૈયાર.
મુકી જ્વાળા માએ, દેહરા કર્યા પલ્લેકાર;
વમળ કહે માજી તારો આધાર.
રાખ્યા દેહરા પાંચ, વમળ જ્યારે આવ્યો માને સરન;
જેનો જેવો ભાવ તેવા દરસન.

ચોક ૩

હરી મહેર સો દુન્યાં ઉપર પ્રગટયા આપોઆપ;

ત્રણુ લોકોમાં તારો પરતાપ.
સ્વર્ગ મૃત્યુ પાતાળ કે ચૌદ ભુવન જપે સૌ જાપ;
જગત જનુની છો માબાપ.
બ્રહ્મા વીષ્ણુ માહેશ્વર, સૌ કરે તારૂ સમરંન;
જેનો જેવો ભાવ તેવા દરસન.

ચોક ૪

દેસો દેસના ભક્તો માજી આવે તમારે ધામ;
કંઇક મોટા સુબા કરે સલામ.
આપોઆપ મા દરશણુ આપે, પોચે મનની હામ,
સફળ જન્મારો થાએ શીધ કામ.
સંગવીઓ મા સંગ લઇ આવે માના તારે ભુવન;
જેનો જેવો ભાવ તેવા દરસન

ચોક ૫

હોમ હવનને કરે આરતી માજી તારે દુવારે;
કરતા સમરણુ વારે વારે.
લુલુ લંગડું અંન્ધ જે કોઇ આવે માને પારે:
થાય દરસણુથી ઓધારે.
વાંજીઆને તો બાળક આપે અંધ પામે લોચંન.
જેનો જેવો ભાવ તેવા દરસન.

ચોક ૬

ભાદરવા સુદ આણુંદ ચૌદશે થાય હવન ભારી.
સેવકના મન આણુંદકારી.
ચાંચર ચોકમાં થાય ભવૈયા રાત દીન જારી.
ગાઓ ગરબાઓ નરનારી.

એ જમે કરે મોજ મઝામાં થાય બ્રહ્મ ભોજન.
જેનો જેવો જેવો ભાવ તેવા દરશણ.

ચોક ૭.

ત્રણ કોશપર કોટેશ્વર માહાદેવ કહેવાતા.
નદી ત્યાં છે સરસ્વતી માતા.
નાહીધોઇ સ્વચ્છ થઇ માં સર્વે પાપ જાતા.
શીવ દરસણથી સુખ પાતા
ત્યાંથી આવી માન સરોવર નાહી થાએ પાવન.
જેનો જેવો ભાવ તેવા દરસન.

ચોક ૮

ત્રણ પહોર તો થાએ આરતી શોભાનો નહી પાર.
વાગે ચોઘડીયા સાંજ સવાર.
અલૌક દરશણ થાએ માના કોઇ દેખે શણગાર.
એવો માજીનો ચમત્કાર.
પુષ્પ માળા લઈ દુવારે બેસે નીત માલન.
જેનો જેવો ભાવ તેવા દરશન.

ચોક ૯.

રાજગીર ઉસ્તાદ કહેમાં અબેમાત મોટી.
નથી ભુખ્યાનું મુખ જોતી.
નરોતમ કહે દુર કરો મારા પાપ જન્મ કોટી;
કર્યો અધ્રમ બુદ્ધી નોતી.
રેવાભટને ડીલાભાઇ નીત કરે માંનું શમરન;
જેને જેવો ભાવ તેવા દરસન.

ચોક ૧૦

છંદ ૨૦.

રંગત ત્રીકડીઆની;

ભજ અંબા નામ, આરા શુર છે ધામ, પાવા ધડ મુકામ છે માહાકાળી.
નમું ચંદી માતા, જોડી બે હાથ, દેવી શાક્ષાત, ખંપરવાળી;
માનું હરતુ મુખ-દેવતાના દુખ-કાપી કીધા શુખ-માતા મારી;
ભોમીનો ભાર-ઉતારવા જ્યારે-લીધો અવતાર-કુન્યાદારી;
દેવ દેતથી ડરે-માનું ધ્યાન ધરે-ઘણી સ્તુતી કરે-પડયું દુખ ભારી;
જોયા દેવ નચાર-અશુર બળ અપાર-કરવાને વાર-માએ ધારી;

ફેકતા.

કરી રીશ કોપ્યા માહાકાળી; (૨)
ધર્યું સ્વરૂપ દીશે વીકરાળી; (૨)
પીધા મધુ બનીમતવાલી; (૨)
લીધા હથીઆરો માએ ઝાલી; (૨)

કર્યા નેત્રલાલ-લીધા ખડગઢાલ-દઇતોનો કાળ-કરવા ચાલી;
નમું ચંડીમાત-જોડી બે હાથ-દેવી શાક્ષાત-ખંપરવાળી;

ચોક ૧.

જુધ કરે અશુર-વાગે રણુમાં તુર-માને ચડયું શુર-કરવા કાજે;
કરે ઘણું જુધ-કરવાને શુધ-મારી ચંડ મુંડ-કરદીએ પ્રાજે;
શુંભ નીશુંભ સાથ-માએ ભીડી બાથ-કીધી તેની ઘાત-રણુમાં આજે;
દેતોકુ માર-કર તારો તાર-કીધા સૌને દાર-રખતી લાજે;

ફેકતા.

માને થયો કોધ અપારે; (૨)
અશુરનો કર્યો સંગારે; (૨)

ખુશી થયા દેવ સૌ ત્યારે; (૨)
માનો થયો ઘણો ઉપગારે; (૨)
જુવો માના મેવા—નથી બીજા એવા—કરો એની સેવા—કરે પ્રતી પાળી:
નમું ચંડીમાત—જોડી બે હાત—દેવી શાક્ષાત—ખંપરવાળી;

ચોક ૨.

થયા દેવના કામ—ચીચી મનની હામ—ત્રણ લોકમાં નામ-કંધરા માએ:
એવા માજી જાણ—ધરોની ધ્યાન-વીના બુદ્ધી જ્ઞાન—ગોથા ખાએ;
છે દીન દયાળ—વાંજીઆને બાળ—આપી કીધા ન્યાલ—સદ્દ શુખ થાએ;
નીર ધનીયો ધન—પામે અંધ લોચન—માજી પ્રસંનથી—દુખ જાએ;

ફેકતા.

કર્યાં અનેક ભક્તના કાજે; (૨)
ભક્તનકે શીર નીત ગાજે; (૨)
રાખો તમે સઉની લાજે; (૨)
માનુ નામ ગરીબ નીવાજે; (૨)
તુજે નમુ ચરણ, હું આવ્યો શરણ, બીધન હરણ, કર દુઃખ ટાળી;
નમુ ચંદી માત, જોડી બે હાત, દેવી શાક્ષાત, ખંપરવાળી.

ચોક ૩.

અપરાધી નાચાર—છઉ ગુનેગાર—કરો મારી વાર—પડયું દુઃખ ભારી,
અન્ત વખત—શી થાશે ગત—કઈ આપો મત—માતા મારી.
માત પીતા ભ્રાત—નહી આવે સાત—કહું સાચી વાત—છઊ નાચારી;
જરણ મરણ તાળ—કહું છું કંગાલ—છુ તારો બાળ—લો ઉગારી.

ફેકતા.

મારી અરજ ધરજો કાને: (૨)

રાજગીર ધરે છે ધ્યાને; (૨)
છે નરોતમ ગુણવાને; (૨)
ભજે રેવાભટ નીત માને (૨)
ફીલાબાઇ છે દાશ–માજી રાખો પાસ–પુરો મનની આસ–મા મહાકાળી;
નમું ચદી માત–જોડી બે હાથ–દેવી સાક્ષાત–ખપરવાળી.

ચોક ૪.

છંદ ૨૧.

રંગત મન ભાવની.

ઓ મા–દેવ સૌ સમરે–સમરે છે વારેવારે;
પડયું સંકટ એને જ્યારે, દેવ સૌ સમરે—ટેક.
ઓમા–મૈસાસુર પ્રગટયો–પ્રગટયો છે બળવાને;
દુખ બહુ દે છે દેવતાને.
દૈત બહુ બળીઆ–ઓ મા, બળીઆ બહુ મસ્તાને;
હાંક પડી ત્રણુ લોક મ્યાને.
દેવ ગભરાયા-ઓમા-ગભરાઇ મન વીચારે;
પડયું સંકટ એને જ્યારે-દેવ સૌ સમરે.

ચોક ૧.

ઓ મા–દેવ ઇંદ્રાદી–ઇંદ્રાદીક સૌ જન;
કરે છે વીષ્ણુનું સમરન.
શીવ બ્રહ્માદી–બ્રહ્મા વીષ્ણુ રૂદ્ર મળી ત્રણુ;
કર્યું અંગથી તેજ ઉતપન.
સહુ દેવતાએ–આપ્યું છે તેજ ત્યારે;
પડયું સંકટ એને જ્યારે, દેવ સૌ સમરે.

ચોક ૨.

ઓ મા-તેજ લઇ સોપ્યું-કાત્યાન રૂસી દરબાર;
થયો ત્યાં મહાલક્ષ્મી અવતાર.
દૈતને કાજે-દૈતોનો કરવા સંગાર;
દેવને થયો મોટો આધાર.
ધન ધન માજી-માજી ધન અવતારે;
પડયું શંકટ એને જ્યારે, દેવ સૌ સમરે.

ચોક ૩.

ઓ મા વસ્ત્ર સણુગારો-આપ્યા સૌ દેવતાએ;
આપ્યા હથીઆરો પોતાનાએ.
મધુનો પ્યાલો-આપીને લાગે પાએ;
અંગીકાર કરો મારી માએ.
સીંહનું વાહન-આપ્યું માને ત્યારે;
પડયું સંકટ એને જ્યારે, દેવ સૌ સમરે.

ચોક ૪.

ઓ મા-પેર્યા શણુગારે, પેરી ચોળી ચુંદડી લાલ;
કંઠે કમળ પુષ્પની માળ.
લીધા હથીઆરો-લીધું સ્વરૂપ મોટું વીકરાળ;
જાણે કાળ તણો મોહકાલ.
મધુપાન પીધા-થયા સીંહ ઉપર સ્વારે;
પડયું સંકટ એને જ્યારે, દેવ સઉ સમરે.

ચોક ૫.

ઓ મા-ગરજના કીધી-કર્યો ધનુસ તણો ટંકાર;
ત્રણુ લોકોમાં પડયો પોકાર.

દસે ડીગપાળો-દોયલા હતા નીરધાર;
દૈતને ખબર થઇ તેવાર.
કોણુ છે બળીઓ-કોણે લીધો અવતારે;
પડ્યું સંકટ એને જ્યારે, દેવ સૌ સમરે.

ચોક ૬.

ઓમાં-દેવને કાજે રૂપી પીર લીધો અવતાર;
રાજગીર છંદ કરે તૈયાર.
નરોતમ કહે છે-રેવાભટને ઉતારો પાર;
કીલાભાઇ સમરે વારમવાર.
દાસ તમારો-તમારો છઊ નાચારે;
પડ્યું સંકટ એને જ્યારે, દેવ સૌ સમરે.

ચોક ૭.

છંદ ૨૨.

રગત મનભાવની.

ઓમા-કે આરાશુરમાં-આરાશુરમાં અંબા માતા;
તમે છો સૌ જગની દાતા, કે આરાસુરમા. ટેક.
ઓમાં-કે પાવાઘડપર-પાવાઘડપર માહકાળી;
કરી દેવોની પ્રતીપાળી.
કહું કરજોડી-કરજોડું દયાળી;
ભક્તની કરજો રખેવાળી.
છઊ નાચારી-નાચારી છઉં માતા;
તમે છો સૌ જગની દાતા. કે આરાસુરમાં

ચોક ૧.

ઓમા જન્મ મને આપ્યો-આપ્યો ઉચ અવતાર;
ઉરમા રહયો તમ આધાર.
કરી અરદાસે-અરદાસ કરી વારમવાર;
દુધના કયારા રાખ્યા તૈયાર.
છુટયા બંધ જ્યારે-બહાર આવી ભુલ્યો માતા;
તમે છો સૌ જગની દાતા, કે આરાસુરમાં.

ચોક ૨.

ઓમા-બાળાપણામાં-બાળાપણામાં રમતો જમતો;
આવી જુવાની જોર કરતો.
કરી પ્રપંચે-પ્રપંચે પેટ ભરતો;
પાપ કરવાથી નહી ડરતો.
કર્યાં બહુ કરમ, અધરમથી દુખ પાતા;
તમે છો સૌ જગની દાતા-કે આરાસુરમાં.

ચોક ૩.

ઓ મા-વશે સી મારી-વશે સી મારી થાશે;
રંક જાણીને પુરો આસે.
છઉ મુઢ જેવો-જેવો મુઢ કાળીદાસે;
થયો પંડીત ભોજ પાસે.
તેવો મને જાણી-જાણી આપો સુખ સાતા;
તમે છો સૌ જગની દાતા-કે આરાસુરમાં.

ચોક ૪.

ઓ મા-કે જેવો તેવો-જેવો તેવો દાસ તારો;
નથી ઓવાગે બીજો મારો.

રાજગીર કહે છે નરોતમને ઉગારો;
રેવાભટને કેમ વીસારો.
કીલાભાઇ કહે છે-કહે છે ગુણ ગાતા;
નમ છો સૌ જગની દાતા-કે આરાસુરમાં.

ચોક ૫.

છંદ ૨૩.

રંગત ઝડપી.

આરાસુરમાં અંબાએ-સદા સમરૂં મારી માએ;
કરો સેવક ઉપર સાએ-છો દીનદયાળ,
મહંમાયા પાવાવાળી-ગરબે રમવાને ચાલી;
સંગ છે બહુચરબાળી-કરજો રખેવાળ.
તોતળા તુળજા ભવાની-દક્ષણની એ તો રાણી;
અંબા જેસ્ટ પટરાણી-રબા જાતી,
મહાલક્ષ્મી મારી માત-છે ચંદીકા સંગાત;
ચોસટ જોગણી સૌ સાત-ગરબા ગાતી.
રતન દીવડાની છે થાળી-ખડગ ખપર ત્રીસુળ ઝાલી;
સરખે હાથે લેતી તાળી-ફરે મદમાતી,
ગરબો ગાઇને ફરતા-ચાચર ચોકમા રમતા;
લાડુ લાપસીઓ જમતા-વડા ખીર ખાતી.
સજ્યા સોળે શીનગાર-શોભે ગળેમે હાર;
ચુની કરે ચમકાર-મોતી પરોવ્યા છે બાલ,
મહંમાયા પાવાવાળી-ગરબે રમવાને ચાલી;
સંગ છે બહુચરબાલી-કરજો રખેવાલ.

ચોક ૧.

પહેરી ચોળી ચુંદડી લાલ-હીરા શોભે છે ગાલ;
માનુ મુખડું લાલમ લાલ-નીત કરો દરશન,
દરશનથી દુઃખ જાએ-કાયા નીરમળ થાએ;
એવી અંબા કહેવાએ-છે સદા મગન.
આરાસુર માનું ગામ-ત્રણ લોકોમાં નામ;
કર્યાં દેવતાના કામ-દેવ કરે સમરન.
ઘણા અસુરોને મારી-લીધા દેવને ઉગારી;
છે અંબા ઉપગારી-નીત કરો ભજન.
એવા માજી દયાળી-ધન ધન માહકાળી;
સેવકની રખેવાળી-કર સંકટ ટાળ,
મહંમાયા પાવાવાળી-ગરબે રમવાને ચાલી;
સંગ છે બઉચર બાળી-કરજો રખેવાળ.

ચોક ૨.

જ્યારે આસો માસ આવે-સૌ સેવકને મન ભાવે,
નીત દરસણે જાવે-કરે નમસકાર,
નવ દહાડા ઘેરોઘેર-સ્થાપના કરે રૂડી પેર;
થાએ સઉને લીલાલહેર-બહુ રાખે છે પ્યાર.
કોઈ નવ તેલા કરે-ધ્યાન માજીનું ધરે;
સઉ આણંદમાં ફરે-શું કહું વીસ્તાર,
હવન આઠેમનો કરી-થાળ નવખંડની ભરી;
માની આગળ ધરી-નમે વારંવાર.
ભુલ ચુક કરો માપ-માજી છો આપોઆપ;
સઉ સંકટ કાપ-કહું છું કંગાલ,

મહંમાયા પાવાવાળી-ગરબે રમવાને ચાલી;
સંગ છે બહુચર બાળી-કરજો રખવાળ.

ચોક ૩.

ધન ધન અંબા સતી-માહરી થઇ દુરમતી.
થશે મારી શી ગતી-નહી સમજ્યો સાર.
પેટ પ્રપંચે ભર્યું-ઘણું અણઘટતું કર્યું;
નહી ધ્યાન માનું ધર્યું-આઇશ જમનો માર
દયા કરો દાસ જાણી-નમુ તમને ભવાની.
શંખા સો પર મહેરબાની-કહું છું નાચાર.
રાજગીર ગુણીજંન-સદા કરે સમરંન.
નીત દેજો દરશન-કરજો આધાર;
કરે નરોતમ પ્રણામ-રેવા ભટ જપે નામ,
હીલાભાઇ છે ગુલામ-માજી તમારો બાળ;
મહં માયા પાવાવાળી-ગરબે રમવાને ચાલી.
સંગ છે બહુચરબાળી-કરજો રખેવાળી;

ચોક ૪.

છંદ ૨૪.

રગત ઝડપી.

ભોજન કરો મા ભવાની-થાળ ભરૂ ઉમંગ આણી.
માની લેજો અમ્રત જાણી-કહું બૈયાને,
સુંદર રસોઇ બનાઇ-એક એકથી સવાઇ.
સુક્યા મેવાને મીઠાઇ-બેસો જમવાને;
ગંગા જળથી સ્નાંન કરી-બેઠા પાટ પર ઇશ્વરી,

રાજ ભોજની સામગ્રી-કહું વીસ્તારી.
કંચન થાળ નખસીકારી-અંદર કટોરા કટોરી.
મુક્યાં આખોરાં આખ્ખોરી-ભરી જળ ઝારી;
પહેલી આદા ચીરીધરી-લીંબુ છાંટી ખાટી કરી,
ચટનીઓ તીખીખરી-ખાટી ખારી.
રાયતી કેરી ગોળીઆ-કીધી બોળાયા-મેથીઆ મેલી દીધી,
ગાજર ચીભડેરાઇ દીધી-સુંદર સારી,
લીધા અથાણા સૌ જાત-પાપડ વડીની શી વાત.
રાખતા તરે તરેના સાત-મુક્યાં માતાને;
સુંદર રસોઇ બનાઇ-એક એકથી સવાઇ;
મુક્યાં મેવાને મીઠાઇ-બેસા જમવાને.

ચોક ૧

લીધી ભાજી સૌ સમારી-મુળા મોગરી વઘારી;
કાચી કચુમર છે ન્યારી-માની આગળ ધરી,
કીધા કંટોલા કારેલા-ભીંડા ગીસોડા છે ભેલા;
લીધા તેલમાં તળેલા-શુંદર મસાલા ભરી.
ફણસી ગુવારસીંગને ચોળી-સાથે મેલ્યા ચીભડા બોળી,
ગલકાને દુધી સૌ છોલા-ચણા દાળ ખરી,
વેગણ પાપડી સંગાત-કાકડી તુરીયાની શી વાત,
કોળુ ગોળની સંગાત-કીધુ જુક્તી કરી.
રવૈયા વેગણ વાલોડ ન્યારી-સુરણ રતાળુ છે ભારી;
બટાકાની બલીહારી-મેલ્યા માતાને,
સુંદર રસોઇ બનાઇ-એક એકથી સવાઇ,

મુકયા મેવાને મીઠાઇ-બેસો જમવાને.

ચોક ૨.

ચાર વટાણાં ને ચણાં-મગ મઠ ચોળા ઘણા;
વાલની દાળની સી મણાં-મુકે તેલ ભરી,
ભજીયા રતાળુના કીધા-ગલકાના સાતે લીધા;
વેંગણના મેથી દીધા-ખુબ જુક્તી કરી.
ફુલા મેથીના છે સારા-ખલવા કારેલાના ન્યારા;
ગરગોલા ખાટા ખાસ-મુકયા થાળ ભરી,
મેંડા મેલ્યા દહીવડા-પાંતરા તળી લીધા ખરા;
જોઇતા લેજો જરા જરા-માં ફરી ફરી.
શાક ભાજી સવિ તમામ-મુકે તરે તરે પકવાન;
સવિ ધરી લેજો ધ્યાન-કહું બેસાને,
સુંદર રસોઇ બનાઇ-ઠીક એકથી સવાઇ;
મુકયા મેવાને મીઠાઇ-બેસો જમવાને.

ચોક ૩

બરફી પેંડા ને પતાંસા-લાડું ચારોળીના ખાસા;
ઘુઘરા માવાના મેવાસા-માની થાળી ભરે,
કોપરાપાક સુંદર સાત-સુતરફેણીની સી વાત;
હલવો દુધીનો સંગાત-માની આગળ ધરે.
મગજ ચણાંનો મગદલ-અમ્રતપાક છે સીતલ;
સુંદરપાક તો સવલ-જોઇ નજર ઠરે,
ઘેબર ખાજા મુકયા ભારી-સુંદર રાખી સાતે ધારી;
મેસુરપાકની બલીહારી-મુકે સઉ તરે.

લાડુ ફુળીના છે સારા-જલેબીને સક્કરપારા;
ખારી પુરી દહીતરા ન્યારા-ધર્યા માતાને,
સુંદર રસોઇ બનાઇ-એક એકથી સવાઇ;
મુક્યા મેવાને મીઠાઇ-બેસો જમવાને.

ચોક ૪

સીખંડ બાસુદી ને ઘેબર-લાડુ લાપશી લો ઓર;
સુરા ઘીનું વધ્યુ જોર-શું કહું વાતે,
સીરાપુરી મુકયા ભારી-બીરંજ મઠાની બલીહારી;
દુધમાં એલચી સાકર સારી-લેજો મારી માતે.
માલપુડાને દુધપાક-લેચી ધીમાં નથી વાંક,
દાળભાતે વાળચો આંક-કડી સઉ સાતે,
જમી ઉઠયા માજી ખાસ-પુરણ થઇ મન આસ;
ફળો મુકુ તમ પાસ-સર્વે ભાતે.
લીલો સુકો મેવો ધરી-થાળ જુક્તીથી ભરી;
કહું વીસ્તારે કરી-ધરજો ધ્યાને,
સુંદર રસોઇ બનાઇ-એક એકથી સવાઇ;
મુક્યા મેવાને મીઠાઇ-બેસો જમવાને.

ચોક ૫.

ખડબુચ તરબુચ છે શીતલ-સુંદર હતા સીતાફલ;
આમલી વીલાયતી સવલ સહુથી ન્યારી,
જમરૂખ જાબુને અનાસ-લીંબુ નારંગી છે ખાસ;
રામફળ રાખ્યા પાસ-માતા મ્હારી.
કેળા કરમદા ને કેરી-સંક્કરટેટી ને ગંદેરી;
દાડેમ દ્રાક્ષ ઉમેરી-કમરખ સારી,

ફણુસ ફાળસા ને બોર—લીલા અંજીર મકાઇ મોર;
સાકરજનનું વધ્યું જોર—રખતા ભારી.
પપનસ મુકયા ભરપુર—ખાટા મીઠા શેતુર;
કીધા માતાને હજુર—સુણજો કાને,
સુંદર રસોઇ બનાઇ—એકએકથી સવાઇ;
મુકયા મેવાને મીઠાઇ—બેસો જમવાને.

ચોક ૬.

દરાખ ચારોળી ને પસ્તા—અખરોટ બદામ ખુસ્બુ ધરતા;
સાકેર સીંગોડા બહુ ભરતા—દરાખ કાળી,
ખારેક કોપરા ખજુર—આલુ અંજીર ભરપુર,
કાજુ કીધા હજુર જુવે સહુ ન્યાળી.
એળચી લવેંગને સોપારી—જાઇફળ જાવંત્રી છે સારી;
પાનની બીડી બની ન્યારી—મુકી વરીઆળી,
રાજગીર નરોતમદાસ—કહે લેજો મા મુખવાસ;
સહુ ઘટમાં તારો વાસ—માતા કાળી.
રેવાભટ ગુણીજંન—સદા કરે સમરંન;
કીલાભાઇ તમારો તન—છે નાદાને.
સુંદર રસોઇ બનાઇ—એક એકથી સવાઇ;
મુકયા મેવા ને મીઠાઇ—બેસો જમવાને.

ચોક ૭.

છંદ ૨૫.

રંગત જુની ભજનની.

કર જોડી કરું પ્રણામ—છઉ ગુલામ—કહું મા તમને;

હમે રજા લઇ ઘેર જઇશું-માફ કરો અમને, ટેક.
છો આદ શક્તી મહં માયા-ગુણ સૈ ગાયા-ભક્ત છઉ તારો;
મારી ભુલ ચુક સૈ માફ કરી ઉગારો
હું બાળેક છઉ નાદાન-નથી કંઇ જ્ઞાન-ખુતો તારો,
પડયો દુખ દરીયાની માંએ નથી ઓવારો.
મારાં કોટી જન્મના પાપ-કરોની માફ-કહૂં છું તમને,
હમે રજા લઇ ઘેર જઇશું માફ કરો અમને;

ચોક ૧.

મે કર્યા અણઘટતા કામ-જપ્યું નહી નામ-બાનમાં ભમતો;
જુઠું સાચું કરી પ્રપંચે પેટ હું ભરતો;
મારી વલે હવેસી થાસે-દુખ કાયાશે-ઘણું ભોગવતો,
મારા મનની ચીન્તા-મનમાં ઘણી હું કરતો,
એવી ચાલ્યો અવળી ચાલ-માજી સમાલ-કહુ છુ તમને;
હમે રજા લઇ ઘેર જઇશું-માફ કરો અમને;

ચોક ૨.

કર્યા અનેક ભક્તનાં કામ-થયું છે નામ-ત્રણ લોકનમાં;
છે સ્વર્ગ મ્રત્યું પાતળ-ચૌદ ભોવંનમાં,
માં કરી દેવ પર શાએ-ઓ માંરી માંએ-દયા લાવી મનમાં;
તમે માર્યા દૈત જ્યારે-ખુશી થયા દેવતંનમાં;
એવા માંજી છો દયાળી-ઓ પાવા વાળી-ભજુ છું તમને;
હમે રજા લઇ ઘેર જઇશું માફ કરો અમને;

ચોક ૩

મા જેવો તેવો છઉં દાસ-રાખોની પાસ-દયાદીલ આણી;
તાળો ચોર્યાસી ફેરા-થાએ સફળ જીંદગાની.
ગુરૂ રાજગીર ઉસ્તાદ-કરે નીત યાદ-નરોતમ ગ્નાની;
છે રેવાભટ પર સદા-માની મહેરબાની.
હીરાભાઇ મુક્તી માંગે-ને પાએ લાગે-દેજો દરસને;
હમે રજા લઇ ઘેર જાશું-માફ કરો અમને

ચોક ૪.

સમાપ્ત.

છપાવી પ્રસિદ્ધ કરનાર —

કંસારા ફીલાભાઈ જગજીવનદાસ

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું —

હરીપુરા, નરતીઆ હનુમાન આગળ, સુરત.

છાપનાર —

ઠાકોરદાસ માનસીંગ

છાપવાનું ઠેકાણું —

જૈન વિજય પ્રિન્ટીંગ પ્રેસ ચૌટાના પુલ ઉપર—સુરત.

આ ચોપડી મળવાનું ઠેકાણું.

હરીપુરામાં તરતીઆ હરમાન આગળ સુરત.

કંસારા ભુરાભાઈ લાલચંદને ત્યાંથી મળશે.

તથા બીજું ઠેકાણું.

લીમડાચોક રજાક બેન્ડની સામે

કંસારા નગીનદાસ આણંદરામની દુકાને મળશે

સુરત.